તાપમાન
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૩૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૫૩ | ૫ માર્ચ, ૨૦૧૬, શનિવાર ; મહા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પાંચ રાજ્યોનો ચૂંટણી કાર્યક્રમ જાહેર

## કેરળ, તમિળનાડુ અને પુડુચેરીમાં એક જ દિવસે ૧૬મીએ મતદાન : પશ્ચિમ બંગાળમાં છ તબક્કામાં મતદાન થશે : પ્રથમ તબક્કામાં બંગાળમાં ૧૧ સીટ માટે ચોથી એપ્રિલે મતદાન : આસામમાં બે ચરણમાં મતદાન થશે

નવી દિલ્હી, તા. ૪

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે પાંચ રાજ્યો પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, આસામ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે જાહેરાત કરી હતી. આની સાથે જ ચૂંટણી ક્યારેય યોજાશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આસામમાં ચોથી એપ્રિલના દિવસે પ્રથમ તબક્કામાં મતદાન યોજાશે, જ્યારે કેરળ, તમિળનાડુ અને પુડુચેરીમાં ૧૬મી મેના દિવસે અંતિમ તબક્કામાં મતદાન યોજાશે. પાંચેય રાજ્યોમાં મતગણતરી એક જ દિવસે એટલે કે ૧૯મી મેના દિવસે યોજાશે. ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ પાંચેય રાજ્યોમાં આચારસંહિતા અમલી બનાવી દેવામાં આવી છે. આસામમાં બે તબક્કામાં ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૬૫ સીટ માટે ચોથી એપ્રિલના દિવસે મતદાન યોજાશે અને બીજા તબક્કામાં ૬૧ સીટ માટે ૧૧મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે. પશ્ચિમ



બંગાળમાં ચૂંટણી કાર્યક્રમ સૌથી લાંબા સમય સુધી ચાલનાર છે. જ્યાં છ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાશે. પ્રથમ તબક્કામાં ૧૧ સીટ માટે ચોથી એપ્રિલના દિવસો મતદાન યોજાશે. ૧૭મી એપ્રિલના દિવસે બંગાળમાં બીજા તબક્કામાં મતદાન થશે. જેમાં ૫૬ સીટોને આવરી લેવામાં આવનાર છે. ત્રીજા તબક્કામાં ૬૨ સીટ માટે મતદાન ૨૧મી એપ્રિલના દિવસે યોજાશે. ચોથા તબક્કામાં ૪૯ સીટ માટે ૨૫મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે. જ્યારે પાંચમાં તબક્કામાં ૫૩ સીટ માટે ૩૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે. પશ્ચિમ બંગાળમાં કુચ બિહાર સહિત ૨૫ સીટ માટે છઠ્ઠા તબક્કામાં પાંચમી મેના દિવસે મતદાન યોજાશે. કેરળ, તમિળનાડુ અને પુડુચેરીમાં તમામ વિધાનસભા મતવિસ્તારમાં એક જ દિવસે મતદાન યોજાશે.

## લોકસભાના પૂર્વ અધ્યક્ષ પી એ સંગમાનું અવસાન



દિલ્હી,તા. ૪

લોકસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ પીએ સંગમાનું ૬૯ વર્ષની વયમાં હૃદયરોગનો હુમલો થયા બાદ અવસાન થયું છે. વર્ષ ૧૯૯૬માં સંયુક્ત મોરચાની સરકાર હતી ત્યારે લોકસભાના અધ્યક્ષ તરીકે પીએ સંગમા રહ્યા હતા. પ્રણવ મુખર્જીની સામે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પણ મેદાનમાં ઉતર્યા હતા.

તેમનો જન્મ પહેલી સપ્ટેમ્બર ૧૯૪૭ના દિવસે થયો હતો. છઠ્ઠી લોકસભામાં પ્રથમ વખત તુરા બેઠકમાંથી ચુંટાઈ આવ્યા હતા. સંગમાએ મેઘાલયના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી પણ સંભાળી હતી. સંગમા નેશનલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના સ્થાપક સભ્યો પૈકીના એક રહ્યા હતા. અલબત્ત શરદ પવાર સાથે મતભેદો થયા બાદ તેમને મુશ્કેલી નડી હતી. સંગમાના અવસાનથી તમામ રાજકીય પક્ષોએ દુખ વ્યક્ત કર્યું છે અને તેમને શ્રદ્ધાંજલિ આપી છે.

# સાઉદી અરબ આર્થિક સંકટમાં

## ક્રુડ ઓઇલની કિંમતમાં સતત ઘટાડો થવાના લીધે છેલ્લા એક દશકમાં પ્રથમ વખત લોન લેશે

રિયાધ,તા. ૪

ક્રુડ ઓઈલની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે જેથી સાઉદી અરેબિયા હવે આર્થિક સંકટમાં ડુબી રહ્યુ છે. સસ્તા તેલમાં સાઉદી ડુબી રહ્યુ છે જેના કારણે સરકાર દ્વારા જંગી લોન લેવાના પ્રયાસ હાથ ધર્યા છે. આર્થિક મુશ્કેલીઓમાંથી બહાર નિકળવા માટે સાઉદી દ્વારા આંતરરાષ્ટ્રીય બેંકો પાસેથી લોન લેવા માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે સાઉદી અરેબિયા સરકાર આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી ૧૦ અબજ ડોલરની લોન લેવા વિચારણા કરી રહી છે. છેલ્લા એક દશકમાં પ્રથમ વખત સાઉદી કોઈ સંસ્થા પાસેથી લોન લેવાની તૈયારીમાં છે. સાઉદી સરકારે છેલ્લા થોડાક દિવસોમાં અનેક બેંકોનો સંપર્ક કરીને લોન માટે માહિતી મેળવી છે. લોન લેવાની શરતો પર વાતચીતચ કરવામાં આવ્યા બાદ નવી દિશા પર ચર્ચા ચાલી રહી છે. કેટલીક બેંકોને વાતચીત માટે આમંત્રણ પણ આપ્યુ છે. અલબત્ત બેંકોને આપવામાં આવેલા આમંત્રણમાં લોનની રકમનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પરંતુ સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો આંકડો ૧૦ અબજ ડોલરની રકમનો છે. જો કે આ સંબંધમાં સાઉદી નાણાં મંત્રાલય અવે કેન્દ્રિય બેંકે માહિતી આપવાનો ઈન્કાર કર્યો છે. સાઉદી સરકાર તરફથી લોન લેવાના સંકેતથી માહિતી મળે છે કે તેની હાલત હવે કફોડી બની રહી છે. જેથી અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સાઉદી સરકાર અર્થતંત્રમાં તેજી લાવવા નવા પ્રયાસમાં છે. બજેટ ખાદ્યની કમીને પહોંચી વળવા માટે પણ સાઉદી સરકાર પગલા લઈ રહી છે. સરકારે પહેલાથી જ સ્થાનિક બજારમાં પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં ૪૦ ટકા સુધીનો વધારો કરી દીધો છે.

## ઈશરત જહાં પ્રકરણે ગુજરાતના અધિકારીઓ મુદ્દે ૧૧મીએ સુનાવણી

નવી દિલ્હી,તા. ૪

પાકિસ્તાની અમેરિકન ત્રાસવાદી અને ખતરનાક ત્રાસવાદી સંગઠન તોયબા સાથે સંબંધ ધરાવનાર ડેવિડ હેડલી દ્વારા તાજેતરમાં આપવામાં આવેલી જુબાની બાદ ઈશરત જહા કેસમાં નવો વળાંક આવી ગયો છે. હેડલીની જુબાની બાદ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. ઈશરત જહા એન્કાઉન્ટર કેસમાં ગુજરાત પોલીસ અધિકારીઓ સામે ફોજદારી કાર્યવાહી અને સસ્પેન્સનને રદ કરવાની માંગ કરીને હવે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી છે. આ મામલે સુનાવણી ૧૧મી માર્ચના દિવસે હાથ ધરવામાં આવનાર છે. ઈશરત મામલે નવેસરથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આક્ષેપબાજીનો દોર શરૂ થઈ ગયો છે. એફિડેવિટમાં સુધારાને લઈને હોબાળો મચેલો છે. કેન્દ્ર સરકાર દ્વારા નવેસરથી તપાસની હિલચાસ હાથ ધરી ચુકી છે. કોંગ્રેસ દ્વારા બચાવ કરતા કહેવામાં આવ્યુ છે કે પૂર્વ ગૃહ સચિવ જીકે પિલ્લાઈના હાથમાંથી અનેક વખત ફાઈલ નિકળી હતી. બીજી બાજુ અરજીદ્વારા દ્વારા ધારદાલ દલીલો કરવામાં આવી છે. જેમાં એફિડેવિટમાં ફેરફાર કેમ કરવામાં આવ્યા તે અંગે માહિતી આપવા કહેવામાં આવ્યુ છે. બીજી બાજુ એફિડેવિટમાં ફેરફાર કરવાની બાબત નિતિ નિયમોના ભંગ સમાન છે તેવી દલીલ કરવામાં આવી છે.

# પંચાયતના પાંચ સભ્યોને શિસ્ત સમિતિએ નોટીસ આપી

## બેચરજી ઠાકોર, દિનેશજી ઠાકોર, અમૃતાબેન રાઠોડ, ભાવિનસિંહ ઠાકોર અને શારદાબેન મકવાણાને નોટીસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં બળવાનું બ્યુગલ ફુંકનાર પાંચ સદસ્યોને પ્રદેશ કોંગ્રેસ સમિતિની શિસ્ત સમિતિએ નોટીસ આપી અને ૪ દિવસમાં લેખિતમાં ખુલાસો કરવા જણાવ્યું છે.

ત્રીજા અને અંતિમ તબક્કાની સમિતિના ચેરમેનોની નિયુક્તીમાં પક્ષના મેન્ડેટને ફગાવનારા શ્રી બેચરજી ઠાકોર, શ્રી દિનેશ ઠાકોર, શ્રી ભાવિનસિંહ ઠાકોર, શારદાબેન મકવાણા અને અમૃતાબેન રાઠોડને શિસ્ત સમિતિએ નોટીસ ફટકારી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા સમિતિ તેમજ નિરીક્ષકોના અહેવાલને આધારે બાંધકામ સમિતિ અને શિક્ષણ સમિતિની પ્રથમ બેઠકમાં બળવો પોકારનારા આ પાંચ સભ્યો પ્રાથમિક દ્રષ્ટિએ દોષિત જણાતાં પ્રદેશની શિસ્ત સમિતિએ આ નોટીસ ફટકારી છે.

પ્રદેશના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ નોટીસનો જવાબ સંતોષકારક નહિ જણાય તો પછી તેમને રૂબરૂ સાંભળી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પ્રદેશ સમિતિની શિસ્ત સમિતિની નોટીસના સમાચારો આજે સાંજે ગાંધીનગરમાં પ્રસરતાં જ જિલ્લાના રાજકારણમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

દરમ્યાન બાંધકામ સમિતિની પ્રથમ બેઠકની કાર્યવાહી જ જિલ્લા

● અનુસંધાન પાન-૭ પર







